ડીસાના વરણ ગામના તલાટી લાંચ લેતા ઝડપાયા

ડીસા, તા. ૧

ડીસા તાલુકાના વરણ ગામે રહેતા ડાહ્યાભાઈ ઝવેરભાઈ રબારીએ કૃષિ ધિરાણ માટેની અરજી કરતાં તેમાં જરૂરી એવા તગાવીના દાખલાની જરૂર હોઈ ગામના તલાટી કમ મંત્રી ઉમ્તીયાઝ મહંમદ ઈબ્રાહીમખાન સિંધી (ઉ.વ.૫૫)ને વાત કરી હતી. જેથી તલાટીએ તગાવીનો દાખલો લાવી આપવા ડાહ્યાભાઈ પાસેથી રૂ. બે હજારની માંગણી કરી હતી અને શુક્રવારે દાખલો આપવા જણાવ્યું હતું.

જેથી ડાહ્યાભાઈએ આ અંગે પાલનપુર એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરતા એ.સી.બી. બનાસકાંઠાના પી.આઈ. આર.એમ. સરોદેએ ટીમ સાથે ડીસા તાલુકા પંચાયત કચેરી ખાતે છટકું ગોઠવ્યું હતું. જેમાં બપોરે બારેક વાગ્યાના સુમારે ડાહ્યાભાઈ તાલુકા પંચાયત કચેરી ખાતે પહોંચતા કચેરી કમ્પાઉન્ડ આગળ જ તેમણે તલાટી કમ મંત્રી ઉમ્તીયાઝ મહંમદ સિંધીને રૂ. બે હજાર આપ્યા હતા. જેથી એ.સી.બી.ના અધિકારીઓએ તુરંત જ તલાટીને રંગેહાથ ઝડપી લીધા હતા. આ અંગે તલાટી વિરૂદ્ધ એન્ટી કરપ્શન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે.

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગનો વર્કશોપ યોજાયો

હિંમતનગર, તા. ૧

હિંમતનગરમાં આવેલ સ્ટાર સીટી ખાતે સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગ તરફથી જિલ્લા પંચાયતના તથા તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને આરોગ્યની વિવિધ યોજનાઓની જાણકારી આપવા માટે જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલના અધ્યક્ષ સ્થાને વર્કશોપ યોજાયો હતો..

આ વર્કશોપના પ્રારંભે જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરાએ આરોગ્યની જુદી જુદી યોજનાઓની વિશેષ માહિતી આપી હતી. વધુમાં કુપોષિત બાળકો માટે કિલ્લોલ પ્રોજેક્ટ એપ્રિલ-૨૦૧૨થી આખા જિલ્લામાં ચાલુ કરવા માટે જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત ટ્રાયબલ વિસ્તારમાં પ્રસુતિ માટે ૨૪x૭ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રોને વિકસાવવા માટે જરૂરી સહાય કરવા માટે પણ માહિતી આપવામાં આવી હતી જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલે પણ આરોગ્યની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. અને ચૂંટાયેલા સભ્યોને મદદરૂપ થવા માટે અનુરોધ કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા મેલેરિયા અધિકારી રાઠોડે કર્યું હતું.

ટેલિફોન એક્ષચેન્જમાંથી તસ્કરોએ બેટરી અને તાંબાના વાયરોની ઉઠાંતરી કરી

હિંમતનગર, તા. ૧

હિંમતનગર તાલુકાના સતનગર ગામની સીમમાં આવેલ ટેલીફોન એક્ષચેન્જમાંથી કેટલાક તસ્કરોએ બાર વોલ્ટની બેટરી તથા તાંબાના વાયર મળી કુલ રૂ. ૨૬૪૭૬ના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના સતનગર ગામની સીમમાં આવેલ ટેલીફોન એક્ષચેન્જના મકાનના દરવાજાના તાળા તોડી કેટલાક અજાણ્યા ચોર ઈસમોએ અંધારાનો લાભ લઈ ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો અને એક્ષચેન્જના મકાનમાં પડેલ બાર વોલ્ટની બેટરી તથા આશરે ૪૨ મીટર લાંબો તાંબાનો વાયર મળી કુલ રૂ. ૨૬,૪૭૬નો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. આ ચોરીની જાણ કમરૂદ્દીન મહંમદ અલીશેર અંસારીને થતા તેમણે તાત્કાલિક હિંમતનગર ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

રામદૂત શક્તિ મંડળ દ્વારા શોભાયાત્રા યોજાઈ

હિંમતનગર, તા. ૧

રામનવમી નિમિત્તે હિંમતનગરના રામદૂત શક્તિમંડળ દ્વારા હિંમતનગરના મોતીપુરા ગાયત્રી મંદિરથી રામજી મંદિર સુધી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રામ ભક્તો જોડાયા હતા. હિંમતનગરના રામદૂત શક્તિ મંડળના કાર્યકરો દ્વારા આયોજીત આ ધાર્મિક પ્રસંગના પ્રારંભે રથ પ્રસ્થાનમાં નગરસેવક અનિરૂદ્ધભાઈ સોરઠીયા, મહેન્દ્રસિંહ ચૌહાણ, જ્યોતિબેન દવે તથા અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા અને ભારે ધામધૂમપૂર્વક રથને પ્રસ્થાન કરાવ્યું હતું. જ્યારે રજુસિંહ રાઠોડ, જગદીશ સોરઠીયા, હેમલ શાહ, મહેશ વાળંદ તથા રથ કમિટિના સભ્યો ભરતભાઈ રાવલ, ચેહરસિંહ મકવાણા, ગિરિશ મીલ્ગી સહિત અનેક ધર્મપ્રેમી જનતાએ આ શોભાયાત્રામાં જોડાઈ પૂજા પ્રસાદ અને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૯૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩ ૩૩૩૪૩
અહેમદઉલ્લા શેખ	મોડાસા	૯૯૧૩૫૮૭૧૪૫
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧ ૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
પ્રવિણભાઈ સોની	મેઘરજ	૯૪૨૮૫૫૪૯૫૪
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૬૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૯૩૨૮૩૧૧૫૭૫
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

ગાંધીનગર જિલ્લામાં ગૃહ રક્ષા દળ યુવાનોની ભરતી કેમ્પ જિલ્લાકક્ષાએ યોજાઈ રહ્યો છે. જેમાં ડભોડા હોમગાર્ડસ યુનિટ ખાતે ચિલોડા-ડભોડા ગામના ૪૨ જેટલા યુવાનોએ ઉત્સાહભેર ભરતીમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ભરતી કેમ્પમાં નિયમોનુસાર યોગ્યતા ધરાવતા યુવાનોની ઉંમર ૧૮ વર્ષ તથા ધોરણ-૭ પાસ સુધીના લાયકાત ધરાવતા ઈચ્છુકોની શારીરિક કસોટીમાં વજન, ઊંચાઈ, છાતી તેમજ મેદાની કસોટીમાં ગોળા ફેંક તથા ૮૦૦ મીટર દોડની કસોટી ચકાસણી કરવામાં આવી હતી. હાલમાં ડભોડા હોમગાર્ડસ યુનિટ ખાતે ૯૭ યુવાનો ફરજ બજાવી રહ્યાછે. આ ઉપરાંત જિલ્લાકક્ષાએ અનિયમિત હોમગાર્ડઝ દળના યુવાનોની ખાલી જગ્યા પર નવા યુવાનોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં માનવસર્જિત કે કુદરત સર્જિત આફતોમાં ખડે પગે સેવા બજાવતા યુવાનોને હાલમાં માત્ર પગારરૂપે ૮૦ રૂ. તથા આઠ કિ.મી. દૂર ફરજ બજાવવા બદલ ૫૫ રૂ. ભથ્થુ ચૂકવાય છે. તે વર્તમાન સમયમાં ખૂબજ નજીવું વેતન ચૂકવણી અંગે તર્કવાહકો કંઈક વિચાર માગી લે તેવો ગંભીર પ્રશ્ન ગણી શકાય. આ ભરતી કેમ્પમાં જિલ્લાના ડી.વાય.એસ.પી. એલ.એન. જેઠવા, ડી.એમ. પરમાર તથા બી.એલ.દેસાઈ તથા બાબુભાઈ જાદવ, ડૉ. ભાવેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ધ્રુવીની હત્યાની આરોપી ડોલીને પરીક્ષા સ્થળે જોવા આવતા લોકોને ધસારો

તલોદ, તા. ૧

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર મચાવનાર દહેગામની ૬ વર્ષની વયની બાળકી ધ્રુવી જયસ્વાલની નિર્મમ હત્યાની મુખ્ય આરોપી અને તલોદ સાયન્સ કોલેજની ભૌતિકશાસ્ત્રની વિદ્યાર્થીની ડોલી જયસ્વાલ તલોદ કોલેજ ખાતે તાજેતરમાં તૃતીય વર્ષ બી.એસ.સી.ની પરીક્ષા આપી રહી છે. પોલીસના બંદોબસ્ત હેઠળ ડોલીને સાબરમતી જેલમાંથી દરરોજ પરીક્ષા સમયે તલોદ, પોલીસવાનમાં લઈ આવવામાં આવતી હોઈ કોલેજ પંથકમાં સંખ્યાબંધ લોકો હત્યાની આરોપી ડોલીને જોવા અધીરા બનતા હોય છે.

ડોલી જયસ્વાલ એક માસૂમ બાળકી અને તે પણ પોતાની ભત્રીજી ધ્રુવી જયસ્વાલના કમકમાટીભર્યા હત્યા કેસમાં આરોપી હોઈ અને તે બિન્દાસ્તપણે આમ પરીક્ષા આપી રહી હોઈ સહજભાવે તે કોલેજ કેમ્પસમાં અને પરીક્ષા ખંડમાં પ્રવેશે અને બહાર નીકળે ત્યારે પણ હાજર તમામ લોકોની નજરનું કેન્દ્ર બનતી હોવાનું જોવા મળ્યું છે. તેણીએ અત્યંત નિર્મમ અને ક્રારમી રીતે ધ્રુવીનું અપહરણ કરી તલોદ તાલુકાના ખારી નદીના કોતર વિસ્તારમાં કાસળ કાઢી નાંખી પૂરાવાનો નાશ કરવાની કોશિષ પણ કરી હતી. આ હકિકતથી વિદ્યાર્થી આલમ, વાલીગણ અને સમસ્ત પ્રજાજન વાકેફ હોઈ સહજભાવે અન્ય પરીક્ષાર્થીઓ તથા સૌ કોઈ તેણીને ધૃણા અને ધિક્કારની નજરે જોતા હોવાનું ભાસી રહ્યું છે. જેથી ડોલીની બેઠક વ્યવસ્થા અલગ પરીક્ષા ખંડમાં કરવી જોઈએ તેવી પણ પ્રાથમિક તબક્કે માંગ ઉઠી હતી. પરંતુ, સ્ટાફના અભાવે તે શક્ય બન્યું નહિ હોવાનું સૂત્રો તરફથી જાણવા મળે છે. સંસ્થાના આચાર્ય ડૉ. સમીર આર. પરીખે કહ્યું હતું કે, વિદ્યાર્થિનીના રૂપમાં આવતી ડોલીને તથા તેણીની હાજરી થકી અન્ય પરીક્ષાર્થી ભાઈ-બહેનોને કોઈ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવાની વ્યવસ્થા કરેલ છે.

યાદ રહે કે, પોતાના ભાઈના આત્મહત્યાથી થયેલ મોતનો બદલો લેવા વેરની વસુલાતની પરાકાષ્ટા રૂપે કડી તાલુકાના મોખાસણની રહીશ ડોલી જયસ્વાલે દહેગામની શાળામાંથી ધ્રુવીનું અપહરણ કર્યું હતું. ધ્રુવીને લઈને ચિલોડાથી મજરા થઈ તલોદ તાલુકાના દોલતાબાદ પંથકના નદીના અવાવરૂ વિસ્તારમાં ભરબપોરે પહોંચી ગઈ હતી. કથિત તેણીએ માસૂમ બાળકી ધ્રુવીના કાનમાં પહેરેલ સોનાનું ઘરેણું લૂંટ રૂપે કાઢી લઈ ધ્રુવીને ગળુ દબાવી-સળગાવી દઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી.

હિંમતનગર નાગરિક સહકારી બેંકનો નાણાકીય વાર્ષિક રિપોર્ટ રજૂ કરાયો

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે અગ્રણી હિંમતનગર નાગરિક સહકારી બેંકના ૩૧ માર્ચ ૨૦૧૨ આખરના નાણાકીય પરિણામો બેંકના ચેરમેન સુરેશકુમાર પટેલ, એમ.ડી. મૌલેશકુમાર સોની તથા મેનેજર કનુભાઈ સોનીએ બોર્ડ ઓફ ડિરેક્ટર વતી રજૂ કર્યા હતા.

વર્,ના આખરી નાણાકીય દિન ૩૧ માર્ચ ૨૦૧૨ના રોજ બેંકની ડીપોઝીટ રૂ. ૧૧૫.૭૮ કરોડ, ધિરાણ રૂ. ૭૩.૫૦ કરોડ અને ઈન્કમટેક્ષ ભર્યા પછીનો ચોખ્ખો નફો રૂ. ૧.૨૨ કરોડ થવા પામ્યો હતો. જે ચાલુ નાણાકીય વર્ષની વિશિષ્ટ સફળતા રહી છે. જેની પાછળ હિંમતનગર શહેર અને આજુબાજુના ગામડાઓના નાગરિકોનું નક્કર પીઠબળ રહ્યું છે, તેમ સુરેશભાઈએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ચોત્રીસ હજાર સભાસદો અને લાખો ખાતેદારો ધરાવતી હિંમતનગર નાગરિક બેંક તેની એકધારી પ્રગતિ જાળવી રાખી છે અને બેંકના સંચાલક મંડળ મેનેજર અને સ્ટાફ મિત્રોનું ઉત્સાહી ટીમવર્ક પરિણામલક્ષી કાર્યવાહી કરી રહ્યું છે તેમ જણાવ્યું હતું.

લવારી ગામે ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ઝઘડો થતાં બે પોલીસમેન ઘવાયા

નશો કરી તોફાન કરતા આર્મીમેનને જેલ હવાલે કરાયો

હિંમતનગર, તા. ૧

તલોદ તાલુકાના લવારી ગામે શનિવારે રાત્રે યોજાયેલી ક્રિકેટ ટૂર્નામેન્ટ દરમિયાન વસ્તાજીના મુવાડી ગામેથી આવેલા કેટલાંક લોકોએ ગ્રાઉન્ડ વચ્ચે જ બાઈક મૂકી દેતા ઝઘડો થયો હતો. ત્યારબાદ ટૂર્નામેન્ટના આયોજકોએ બાઈકને ગ્રાઉન્ડમાંથી હટાવતા મામલો બિચક્યો હતો. આખરે ગામના એક રહીશે તલોદ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ ઝઘડો વધુ ઉગ્ર બન્યો હતો અને તેમાં બે પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી હતી. જોકે પોલીસે એક આર્મીમેનને પકડી જેલ હવાલે કર્યો હતો.

મળતી માહિતી અનુસાર લવારી ગામે કેટલાક યુવાનોએ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કર્યું હતું. જેના ભાગરૂપે શનિવારે રાત્રે મેચ શરૂ થવાની હતી ત્યારે વસ્તાજીના મુવાડી ગામના રહીશ અને જમ્મુ ખાતે આર્મીમાં ફરજ બજાવતા આશિષભાઈ આર. સોલંકીએ પોતાનું બાઈક નં. જીજે-૯-એક્સ્યુ-૨૮૯૬ને લઈને આવી ગ્રાઉન્ડની વચ્ચે મૂકી દીધું હતું. બાદમાં કેટલાક આયોજકોએ બાઈકને ગ્રાઉન્ડમાંથી હટાવતા મોટો ઝઘડો થયો હતો. બાદમાં એક ઈસમે પોલીસને જાણ કરતા પોલીસ સ્ટેશનના અજિતસિંહ અને દેવજીભાઈ તાત્કાલિક લવારી ગામે દોડી આવ્યા હતા તેમને જોઈને આશિષ સોલંકી, ભૂપતસિંહ સોલંકી, મધુસિંહ સોલંકી, નરેશભાઈ સોલંકી અને નારસિંહ સોલંકીએ ભેગા મળી તોફાન કર્યું હતું. પોલીસે સમજાવટથી કામ લેવાનું શરૂ કર્યું હોવા છતાં પાંચેય જણાએ ભેગા મળીને અજિતસિંહ તથા દેવજીભાઈ પર હુમલો કર્યો હતો. જેના કારણે બંનેને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી તલોદ પોલીસે આ પાંચેય જણાને પકડી તેમની વિરૂદ્ધ ગુનો નંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આયોજકોની પણ વધુ પૂછપરછ હાથ ધરી છે.

માધવગઢ ગ્રામ પંચાયત સમરસ

તાજપુર કેમ્પ, તા. ૧

તલોદ તાલુકામાં બીજા તબક્કાની ગ્રામ પંચાયતોની ચૂંટણીનો દોર ચાલુ થઈ ગયો છે. આ તાલુકામાં અત્યારે ૧૧ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે અને બે ગ્રામ પંચાયતોમાં વોર્ડની સભ્યની ચૂંટણી યોજાશે. ત્યારે માધવગઢ ગામના લોકોએ સારો વિચાર કરી એક થઈ નાત-જાતનો ભેદભાવ ભૂલી ગામની સરપંચની ચૂંટણી સભ્યો સાથે સમરસ કરી ગામનું ગૌરવ વધાર્યું હતું.

મેઘરજમાં પંદરકુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

મેઘરજ, તા. ૧

ચૈત્ર નવરાત્રી મહોત્સવ અંતર્ગત મેઘરજનાં ગાયત્રી પ્રજ્ઞાપીઠમાં પંદરકુંડી ગાયત્રી મહાયજ્ઞનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્ર માસના પ્રથમ નોરતાથી ૩ વાગ્યાથી ૬ વાગ્યાસુધી ગાયત્રી અનુષ્ઠાન અને પૂજા અર્ચના કરવામાં આવતી હતી.

ગાયત્રી યજ્ઞ પ્રસંગે ગાયત્રી પ્રજ્ઞા પીઠના ટ્રસ્ટી પ્રવીણભાઈ પંડ્યા, અશોકભાઈ ઉપાધ્યાય અને પરિજનોએ ભારે જહેમત સાથે પંદર કુંડી યજ્ઞનું આયોજન કરી ધાર્મિક કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. મેઘરજ તાલુકા અને આસપાસના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આ પ્રસંગે હાજર રહ્યા હતા. યજ્ઞના દિવસે મા ગાયત્રીના ગુણગાન સાથે રાત્રીના ૩ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી માઈભક્તો ઓતપ્રોત થઈ ગયા હતા. આ પ્રસંગે હિરેન સથવારા, હર્ષિલ ભટ્ટ, જપન ભટ્ટ, ચેતનાબેન ભટ્ટ અને યકિન ત્રિવેદી ખાસ હાજર રહ્યા હતા.

ટેન્ડર નિવિદા

દહેગામ નગરપાલિકા જુ. ગાંધીનગર

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, દહેગામ નગરપાલિકા વિસ્તાર માં નીચે જણાવેલ કામો સારૂ તા. ૧૬-૪-૨૦૧૨ સુધીમાં રજી. પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

અ. નં.	કામની વિગત	ટેન્ડર ફી રૂ.	અંદાજીત રકમ રૂ.
	૧૩માં નાણાપંચની ગ્રાન્ટ વર્ષ ૧૧-૧૨		
૧.	સરાણીયાવાસમાં ૯૦ એમ.એમ. પી.વી.સી. પાઈપ લાઈન નાંખવાનું કામ.	૨૭૫	૧૬૬૧૭.૩૩
૨.	શારદા સોસાયટીમાં ૯૦ એમ.એમ. પી.વી.સી. પાઈપ લાઈન નાંખવાનું કામ.	૨૭૫	૨૪૮૧૬.૧૦

ઉપરોક્ત કામ નં.૧ થી ૨ના કોરા ટેન્ડર ફોર્મ તા. ૧૦-૪-૨૦૧૨ સુધીમાં ઓફીસ સમય દરમિયાન અરજી સાથે જરૂરી રજીસ્ટ્રેશનની નકલ, પાન કાર્ડની નકલ, અનુભવ સર્ટીફિકેટ, બેન્ક સોલવંસી, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફિકેટ તથા ટેન્ડર ફી જમા કરાવેથી ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. કામ ટીઠ અલગ કવરમાં ટેન્ડર કોપી બીડવાની રહેશે. કવર ઉપર જે તે કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો અધિકાર નગરપાલિકા દહેગામ અબાધિત રાખે છે.

તા. ૩૧-૩-૨૦૧૨

ડી. જી. પરમાર, ચીફ ઓફીસર | શંકરસિંહ એસ. ઠાકોર, ચેરમેન, વોટર વર્કસ સમિતિ | પ્રફુલભાઈ વી. શાહ, ચેરમેન કારોબારી સમિતિ
સલીમભાઈ એમ. મકેલ, ઉપપ્રમુખ | કામિનીબેન બી. રાઠોડ, પ્રમુખ

માહિતી/૨૦૦૯/૧૧-૧૨

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા બી ચાલુ રહે

એપોલો એક્સસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

- વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
- સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
- વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
- જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન